ipcc
independent
police complaints
commission

# પગથિયાંવાર

# આઈ.પી.સી.સી.નો પરિચય

## પોલીસ વિરુદ્ધ ફરિયાદ કરવી

આઈ.પી.સી.સી. એટલે 'ઈન્ડિપેન્ડન્ટ પોલીસ કમ્પ્લેઈન્ટ્સ કમિશન'. પોલીસ વિશેની ફરિયાદો જેવી રીતે હાથ ધરવામાં આવે છે તેના માટે અમે જવાબદાર છીએ.

આઈ.પી.સી.સી.ની સ્થાપના પોલીસ સર્વિસ, સામાજિક અને સ્વૈચ્છિક સંસ્થાઓના ટેકાથી એપ્રિલ 2004માં કરવામાં આવી હતી.


અમે શું કરીએ છીએ? 1
અમારો વિશ્વાસ શા માટે કરવો? 2
અમે તમારી મદદ કેવી રીતે કરી શકીએ? 2
આઈ.પી.સી.સી. માટે કોણ કામ કરે છે? 2
અમે ક્યાં આવેલાં છીએ? 2
અમે અહીં મદદ કરવા માટે છીએ 2


## અમે શું કરીએ છીએ?

અમારું કામ પોલીસ વિરુદ્ધની ફરિયાદો અંગે અસરકારકતાપૂર્વક પગલાં લેવામાં આવે છે તેની ખાતરી કરવાનું છે. પોલીસ જે રીતે ફરિયાદો હાથ ધરે છે તેની પદ્ધતિ માટેનાં અમે ધોરણો નક્કી કરીએ છીએ અને, જ્યારે કશુંક ખોટું થાય ત્યારે અમે પોલીસને તેમાંથી પાઠ શીખવામાં અને તેમના કામની પદ્ધતિમાં સુધારા કરવામાં મદદ કરીએ છીએ.

જો તમને લાગતું હોય કે પોલીસ માટે કામ કરતી કોઈ વ્યક્તિ દ્વારા તમારી સાથે ખરાબ રીતે વર્તાવ કરવામાં આવ્યો છે અને તમે તે વિશે ફરિયાદ કરવા માગતાં હો તો અમે તમારી મદદ કરી શકીએ છીએ.

તમે પોલીસ ઓફિસરથી માંડીને છેક ચીફ કોન્સ્ટેબલ કે કમિશનર વિશે, સ્પેશ્યલ કોન્સ્ટેબલ વિશે કે પોલીસ દ્વારા કામ પર રાખવામાં આવેલા બીજા કોઈ પણ કર્મચારી વિશે ફરિયાદ કરી શકો છો.

## અમારો વિશ્વાસ શા માટે કરવો?

અમે અમારા નિર્ણયો પોલીસ અને સરકારથી સ્વતંત્ર રહીને કરીએ છીએ.

## અમે તમારી મદદ કેવી રીતે કરી શકીએ?

**અમેઃ**

> ફરિયાદ કરવા માટે તમને જોઈતી માહિતી તમને આપીશું
> તમારી ફરિયાદ અંગે કાર્યવાહી કરવામાં આવી રહી હોય તે દરમ્યાન તમને માહિતગાર રાખવામાં આવે છે તેની ખાતરી કરીશું
> પોલીસ દળો ફરિયાદ અંગે સર્વોચ્ચ ધોરણે પગલાં લે છે તેની ખાતરી કરીશું
> અત્યંત ગંભીર ફરિયાદોની તપાસ અમારાં પોતાનાં સ્વતંત્ર તપાસકારોનો ઉપયોગ કરીને કરીશું
> જ્યારે કોઈ સમસ્યા હશે ત્યારે પોલીસને બાબતો ઠીક કરવામાં પોલીસની મદદ કરીશું

## આઈ.પી.સી.સી. માટે કોણ કામ કરે છે?

આઈ.પી.સી.સી. કમિશનરો અને વ્યવસાયિક કર્મચારીઓનું બનેલું છે. અમારાં 17 કમિશનરોમાંથી કોઈએ પણ ક્યારેય પોલીસ માટે કામ કરેલું નથી.

તેઓ અનેક જુદી જુદી પાર્શ્વભૂમિકાઓમાંથી આવે છે અને તેમાં વકીલો, આરોગ્ય અને શૈક્ષણિક વ્યવસાયિકો તેમજ સ્વૈચ્છિક, ધંધાકીય અને સામાજિક સંસ્થાઓનાં લોકોનો પણ સમાવેશ થાય છે.

અમારી પાસે સ્વતંત્ર તપાસકારો (ઈન્વેસ્ટિગેટરો), કેસ વર્કરો અને સહાયક કર્મચારીઓની ટુકડીઓ પણ છે.

## અમે ક્યાં આવેલાં છીએ?

ઇંગ્લેન્ડ અને વેઈલ્સની ચાર પ્રાંતીય ઓફિસોમાં.

અમારી રાષ્ટ્રિય ઓફિસ લંડનમાં છે.

## અમે અહીં મદદ કરવા માટે છીએ

યાદ રાખો - પોલીસ દ્વારા તમારી સાથે જેવો વર્તાવ કરવામાં આવ્યો હોય તેનાથી જો તમે નાખૂશ હો, તો ફરિયાદ કરવાનો તમારો અધિકાર છે.

વધારે સલાહ માટે, અમારી ટૂંકી પત્રિકા, 'પોલીસ વિરુદ્ધ ફરિયાદ કેવી રીતે કરવી' વાંચો.

**અમને 08453 002 002 પર ફોન કરો (સ્થાનિક દર),**
**enquiries@ipcc.gsi.gov.uk પર ઈમેઈલ કરો**
**અથવા અમારી વેબસાઈટ જુઓ –**
**www.ipcc.gov.uk**

**આ માહિતી બીજી ભાષાઓમાં કેવી રીતે મેળવવી તેની વિગતો માટે નીચે જુઓ.**
**આ પત્રિકા બ્રેઈલમાં, ઓડિયો કેસેટ ઉપર અને મોટા અક્ષરોમાં છાપેલી પણ મળી શકે છે.**

| | |
|---|---|
| Arabic | للحصول على هذه المعلومات باللغة العربية، قم بزيارة موقعنا على شبكة الإنترنت أو الاتصال بنا على العنوان المذكور أدناه. |
| Bengali | বাংলা ভাষায় এই তথ্য পেতে হলে অনুগ্রহ করে আমাদের ওয়েবসাইটে যান অথবা নিচের ঠিকানায় যোগাযোগ করুন। |
| Chinese | 要获得这方面的简体中文资讯，请访问我们的网站或按以下地址与我们联系。 |
| French | Pour obtenir ces informations en français, visitez notre site Web ou contactez-nous à l'adresse ci-dessous. |
| Greek | Για να λάβετε τις πληροφορίες αυτές στα Ελληνικά, επισκεφθείτε την τοποθεσία μας στο διαδίκτυο ή επικοινωνήστε μαζί μας στη διεύθυνση παρακάτω. |
| Gujarati | આ માહિતી ગુજરાતીમાં મેળવવા માટે, અમારી વેબસાઈટ જુઓ અથવા નીચેના સરનામે અમારો સંપર્ક કરો. |
| Hindi | इस जनकारी को हिन्द्धी भाषा में प्राप्त करने के लिए, हमारी वैबसाइट पर जाए या हमसे नीचे द्धिये पते पर सम्पर्क करें। |
| Portuguese | Para obter esta informação em português, visite o nosso web site ou contacte-nos escrevendo para a morada abaixo indicada. |
| Punjabi | ਇਸ ਜਾਣਕਾਰੀ ਨੂੰ ਪੰਜਾਬੀ ਭਾਸ਼ਾ ਵਿੱਚ ਲੈਣ ਲਈ, ਸਾਡੀ ਵੈਬਸਾਈਟ ਤੇ ਜਾਓ ਜਾਂ ਹੇਠਾਂ ਦਿੱਤੇ ਪਤੇ ਤੇ ਸਾਨੂੰ ਸੰਪਰਕ ਕਰੋ। |
| Somali | Si aad u heshid warbixintan oo ku qoran Soomaali, soo booqo bogayaga internetka ama nagala soo xiriir cinwaanka hoos ku qoran. |
| Spanish | Para obtener esta información en español, visite nuestra página Web o póngase en contacto con nosotros escribiendo a la siguiente dirección: |
| Turkish | Bu bilgilerin Türkçe'lerini arzu ediyorsaniz lütfen internet sitemizi ziyaret edin ya da bizimle aşağıdaki adresten irtibat kurun. |
| Urdu | یہ معلومات اردو میں لینے کے لیے ہماری ویب سائٹ کو ملاحظہ کریں یا نیچے دیے گئے پتہ پر رابطہ کریں۔ |
| Vietnamese | Để tìm biết tin tức này bằng Tiếng Việt, hãy truy cập trên mạng của chúng tôi hoặc liên lạc với chúng tôi ở địa chỉ dưới đây: |
| Welsh | I gael y wybodaeth hon yn Gymraeg, ewch i'n gwefan neu cysylltwch â ni yn y cyfeiriad isod. |

**Independent Police Complaints Commission**
**90 High Holborn, London, WC1V 6BH**
**ફોન: 08453 002 002 (સ્થાનિક દર)**
**વેબસાઈટ: www.ipcc.gov.uk**
**ઈ-મેઈલ: enquiries@ipcc.gsi.gov.uk**

Independent Police
Complaints Commission
90 High Holborn
London
WC1V 6BH

www.ipcc.gov.uk
ફોન: 08453 002 002 (સ્થાનિક દર)
ઈ-મેઈલ: enquiries@ipcc.gsi.gov.uk

માર્ચ 2005
રેફરન્સ: COM/12